| | | |
|---|---|---|
| | **DISTRICT LEGAL SERVICES AUTHORITY, BHARUCH**<br>121, Second Floor, District & Sessions Court Complex, Bharuch-392001.<br>Phone/Fax No.: (02642)221489 ● Email: dlsabharuch132@gmail.com | From the Office of Secretary<br>**J. Z. MEHTA**<br>(Officer in the Cadre of Senior Civil Judge) |


સબમીશન નંબર/ ૫૭/૨૦૨૦ તા.૦૫/૧૧/૨૦૨૦.

વંચાણે લીધો :– ૧. અત્રેની કચેરીનાં નોટીફીકેશન નંબર : ૦૯/૨૦૧૯, તારીખ : ૦૭.૧૦.૨૦૧૯.
૨. અત્રેની કચેરીના સબમીશન નંબર : ૫૧/૨૦૨૦, તા. ૦૭/૧૦/૨૦૨૦.
૩. નાલ્સા દ્વારા નિર્મિત અર્ધ–કાનુની સ્વયંસેવક માટેની યોજના (સુધારેલ).

પ્રતિ,
ચેરમેનશ્રી,
જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ.

**વિષયઃ–** જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ તથા તેના તાબા હેઠળની તમામ તાલુકા કાનુની સેવા સમિતિઓમાં પી.એલ.વી.ની નવી નિમણૂંક માટે મંજુરી આપવા બાબત.

મહે. સાહેબશ્રી,

સવિનય સાદર જણાવવાનું કે, **જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચમાં તથા તેના તાબા હેઠળની તમામ તાલૂકા કાનુની સેવા સમીતીઓ** ખાતે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના વિવિધ લોકોપયોગી યોજનાઓ તથા અન્ય આદેશો અનુસાર ગ્રામ પંચાયત કચેરી, પોલીસ સ્ટેશનો, જેલો, સ્થાનીક સસ્થાઓ, વૃધ્ધાશ્રમો વિગેરે જગ્યાએ કાનુની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ **સ**મગ્ર જીલ્લામાં કાનુની સેવા કાર્યક્રમોના આયોજન તથા કાનુની જાગૃતીના પ્રચાર–પ્રસાર અને સમાજના જરૂરીયાત મંદ લોકોને વિના મુલ્યે કાનુની સહાય તથા સલાહ મળી રહે તથા લાભાર્થી અને વિવિધ સરકારી યોજનાઓ વચ્ચે કાનુની સેવા સંસ્થાઓ સેતુ બની કલ્યાણકારી યોજનાઓનો લાભ હાંસીયામાં ધકાયેલા લોકો સુધી પહોચાડી શકે તે હેતુસર આમુખમાં વંચાણે લીધેલ સ્કીમ મુજબ પેરા લીગલ વોલન્ટીયર્સ (કાનુની સહાય સ્વયંસેવક) તરીકે સેવા પુરી પાડવા માટે એક પેનલ બનાવવામાં આવેલ હતી. જે પેનલનો તા. ૦૭/૧૦/૨૦૨૦ ના રોજ કાર્યકાળ સમાપ્ત થયેલ છે અને નવી પેનલ બનાવવામાં ન આવે ત્યાં સુધી તે જુની પેનલ ચાલુ રાખવામાં આવેલ છે. પરંતું આશરે એક વર્ષથી વધુ સમય વિત્યેથી ઘણાં ખરાં કાનુની સહાય સ્વયં સેવકો તેમનો અભ્યાસકાળ પુરો થયેથી સનદ મેળવી હાલ વકીલાતનાં વ્યવસાયમાં કાર્યરત થઈ ગયેલ છે અથવા તો અન્ય કારણોસર નિષ્ક્રીય થઈ ગયેલ છે. જેથી નવી પેનલ બનાવવી હીતાવહ બની રહે છે. આથી અમારૂં આ નિવેદન ગ્રાહય રાખીને આમુખમાં દર્શાવેલ નાલ્સાની સ્કીમ મુજબ હાલમાં તથા ભવિષ્યમાં પેરા લીગલ વોલન્ટીયર્સ (કાનુની સહાય સ્વયંસેવક) ની સેવાની જરૂરીયાત ધ્યાને લેતા **જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચમાં** તથા તેના તાબા હેઠળની તમામ **તાલુકા કાનુની સેવા સમીતીઓ ખાતે** જાહેરાત પ્રસિધ્ધ કરી નવેસરથી પેરા લીગલ વોલન્ટીયર્સ (કાનુની સહાય સ્વયંસેવક) ની નિમણુંક કરવા તથા તેમની પેનલ બનાવવા માટે જરૂરી મંજુરી આપવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

**સેક્રેટરી,**
**જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,**
**ભરૂચ**

બિડાણ :– ૧. અત્રેની કચેરીનાં નોટીફીકેશન નંબર :૦૯/૨૦૧૯ તારીખ : ૦૭.૧૦.૨૦૧૯.
૨. અત્રેની કચેરીના સબમીશન નંબરઃ ૫૧/૨૦૨૦, તા. ૦૭/૧૦/૨૦૨૦.
૩. નાલ્સા દ્વારા નિર્મિત અર્ધ–કાનુની સ્વયંસેવક માટેની યોજના (સુધારેલ).

| | | |
|---|---|---|
| | **DISTRICT LEGAL SERVICES AUTHORITY, BHARUCH**<br>121, Second Floor, District & Sessions Court Complex, Bharuch-392001.<br>Phone/Fax No.: (02642)221489 ● Email: dlsabharuch132@gmail.com | From the Office of Chairman<br>**S. J. RAJE**<br>(Officer in the Cadre of District Judge) |

ડી.એલ.એસ.એ/ /૨૦૨૦ તા.૦૫/૧૧/૨૦૨૦.

**વંચાણે લીધું :** નાલ્સા દ્વારા નિર્મિત અર્ધ–કાનુની સ્વયંસેવક માટેની યોજના (સુધારેલ).

## :જાહેરાત:

**જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ તથા તેના તાબા હેઠળની તાલુકા કાનુની સેવા સમિતિ, ભરૂચ/અંકલેશ્વર/ઝગડીયા/વાલીયા/નેત્રંગ/હાંસોટ/વાગરા/આમોદ/જંબુસર ખાતે પેરા લીગલ વોલન્ટીયર્સ ની નિમણુંક બાબતે.**

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના આદેશો અનુસાર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ ધ્વારા ગ્રામ પંચાયત કચેરી, પોલીસ સ્ટેશનો, જેલો, સ્થાનીક સંસ્થાઓ, વૃધ્ધાશ્રમો વિગેરે જગ્યાએ કાનુની સેવા/સહાય કેન્દ્રોની સ્થાપના માટે, તેમજ સમગ્ર જીલ્લામાં કાનુની સેવા કાર્યક્રમોના આયોજન તથા કાનુની જાગૃતીના પ્રચાર–પ્રસાર અને સમાજના જરૂરીયાત મંદ લોકોને વિના મુલ્યે કાનુની સહાય તથા સલાહ મળી રહે તથા લાભાર્થી અને વિવિધ સરકારી યોજનાઓ વચ્ચે કાનુની સેવા સંસ્થાઓ સેતુ બની કલ્યાણકારી યોજનાઓનો લાભ હાંસીયામાં ધકાયેલા લોકો સુધી પહોચાડી શકે તે હેતુસર આમુખમાં વંચાણે લીધેલ સ્કીમ મુજબ પેરા લીગલ વોલન્ટીયર્સ (કાનુની સહાય સ્વયંસેવક) તરીકે સેવા પુરી પાડવા માટે તે પદે નિમણુંક કરવાની હોય, તે માટે રસ ધરાવતાં સોશીયલ વર્કના અભ્યાસક્રમ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો, અન્ય અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓ અને ખાસ કરીને કાયદાના વિદ્યાર્થી (જયાં સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થયા હોય ત્યા સુધી), આંગણવાડી કાર્યકરો, મહીલા ગ્રુપ / મૈત્રી સંગમ/ સખી મંડળ અને અન્ય એવાં મંડળો કે જેમાં હાંસીયા ધકાયેલા તથા નિર્બળ–સંવેદનશીલ વર્ગનાં વ્યકિતઓ સામેલ હોય, શિક્ષિત કેદી કે જેનો સારો વ્યવહાર હોય અને લાબા સમય ની સજા પામેલ હોય, નિવૃત્ત સરકારી કર્મચારીઓ અને વરિષ્ઠ નાગરિકો, સરકારી કર્મચારીઓ, નિવૃત્ત શિક્ષકો, ડોકટર્સ/ચિકિત્સકો/તબીબો, નોન પોલીટીકલ NGO ના સભ્યો, વિગેરે લોકો કે જે સ્વેચ્છા પૂર્વક રસ ધરાવતા હોય, તેઓએ જરૂરી ફોર્મ્સ તથા વિગત જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ભરૂચ અથવા તો, તેમને લાગુ પડતી તાલુકા કાનુની સેવા સમિતિ જેવી કે, ભરૂચ/અંકલેશ્વર/ઝગડીયા/વાલીયા/નેત્રંગ/હાંસોટ/વાગરા/આમોદ/જંબુસર ખાતેથી મેળવી લેવા તેમજ નિમણુંકની વધુ માહીતી માટે તે કચેરીનો જ સંપર્ક કરવો.

**નોંધ : નિમ્નલીખીત વ્યકિતઓ પેરા લીગલ વોલન્ટીયર્સ તરીકે અરજી કરવા પાત્ર રહેશે નહી.**

*વકીલશ્રી, રાજકીય સંગઠનો સાથે સક્રીય સ્વરૂપે જોડાયેલ વ્યકતિઓ / એન.જી.ઓ / સંસ્થાઓ, કોઈપણ ફોજદારી ગુન્હામાં દોષીત ઠરેલ વ્યકતિ અથવા જેની સામે તેવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હોય તેવી વ્યકતિ, કોઈપણ દીવાની અદાલત ધ્વારા નાદાર જાહેર કરાયેલ અથવા નાદારી નોધાવેલ હોય તેવી વ્યકતિ, કોઈપણ વ્યકતિ કે જે શારીરીક અથવા માનસીક રીતે પી.એલ.વી ની કામગીરી કરવા અસક્ષમ હોય, કોઈપણ વ્યકતિ કે જેની પ્રવૃતિ ઉપરોકત વંચાણે લીધેલ સ્કીમના હીતને તથા પી.એલ.વી તરીકેના હોદ્દાને નુકસાનકારક હોય.*

**(એસ. જે. રાજે)**
અધ્યક્ષ,
જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,
અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,ભરૂચ

**નકલ રવાના જાણ સારૂ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.**

(૧) કલેકટરશ્રી ની કચેરી, ભરૂચ(પોતાના તાબા હેઠળની તમામ કચેરીઓનાં નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)
(૨) પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ભરૂચ(પોતાના તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનનાં નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ).
(૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, ભરૂચ.(પોતાના તાબા હેઠળની તમામ કચેરીઓનાં નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)
(૪) જિલ્લા માહિતી અધિકારીશ્રી, ભરૂચ.(આ બાબતને બહોળી પ્રસિધ્ધ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)
(૫) ભરૂચ જીલ્લાની તમામ અદાલતોનાં નોટીસ બોર્ડમા પ્રસિધ્ધ કરવા સારૂ રવાના.
(૬) ભરૂચ જીલ્લા ના મુખ્ય મથકમા આવેલ તમામ સરકારી / અર્ધસરકારી સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૭) ભરૂચ જીલ્લાની તમામ કોલેજોમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૮) તાલુકા કાનુની સેવા સમિતિ, ભરૂચ/અંકલેશ્વર/ઝગડીયા/વાલીયા/નેત્રંગ/હાંસોટ/વાગરા/આમોદ/જંબુસર
(૯) સીસ્ટમ ઓફીસરશ્રી, કોમ્પ્યુટર બ્રાન્ચ, મુખ્ય જિલ્લા ન્યાયાલય, ભરૂચ.(ડીસ્ટ્રીકકોર્ટ, ભરૂચની વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે)
(૧૦) સીલેકટ ફાઈલ ડી.એલ.એસ.એ.: ૨૦૨૦

# પેરા લીગલ વોલંટીયર્સ (પી.એલ.વી.) ની નિમણૂંક માટેનું આવેદન પત્રઃ–

હસ્તાક્ષરયુકત નવીનત્તમ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાડવો

| | | | |
|---|---|---|---|
| ૧) | ઉમેદવારનું નામ | : | |
| ૨) | પિતા / પતિનું નામ | : | |
| ૩) | જન્મ તારીખ અને ઉંમર | : | |
| ૪) | જાતી (સ્ત્રી કે પુરુષ) | : | પુરુષ ☐ સ્ત્રી ☐ અન્ય ☐ |
| ૫) | વર્ગઃ સામાન્ય/અનુ.જા./અનુ.જ.જા./સા.શૈ.પછાત વર્ગ (જે વર્ગમાં હોય તે લખવું) | : | |
| ૬) | શૈક્ષણીક લાયકાત | : | |
| ૭) | હાલ શું પ્રવૃત્તી કરો છો ? | : | |
| ૮) | ટેલીફોન નંબર / મોબાઈલ નંબર | : | ટેલીફોન નંબર :<br>મોબાઈલ : |
| ૯) | હાલનું સરનામું | : | <br>ગામ : તાલુકો : |
| ૧૦) | કાયમી સરનામું | : | <br>ગામ : તાલુકો : |
| ૧૧) | બ્લડ ગ્રૃપ | | |
| ૧૨) | જો ઉમેદવાર સેવા નિવૃતકર્મચારી હોય તો કયા પદ ઉપરથી સેવા નિવૃતી થયેલ છે તે જણાવવું | : | |
| ૧૩) | ઉમેદવાર વિરૂધ્ધ કોઈ ફોજદારી પ્રકરણ ચાલુ છે કે કેમ? જો ચાલુ હોય, તો સંપુર્ણ વિગતો આપવી. | : | |
| ૧૪) | નજીકનું પોલીસ સ્ટેશન | : | |
| ૧૫) | કઈ જગ્યાએ આપ સેવા આપવા ઈચ્છીત છો ? (જે જગ્યાએ આપ રહેતા હોય, અભ્યાસ અથવા તો રોજ બરોજ માતબર સમયગાળા સુધી રોકાવાનું થતું હોય એવી કોઈપણ એક જ જગ્યાની પસંદગી કરવી.) | : | જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ ☐<br>તાલુકા કાનુની સેવા સમિતિ, ભરૂચ ☐<br>ઝગડીયા ☐<br>નેત્રંગ ☐ આમોદ ☐<br>અંકલેશ્વર ☐ વાગરા ☐<br>વાલીયા ☐ જંબુસર ☐<br>હાંસોટ ☐ |
| ૧૬) | વર્તમાન સમયમાં ઉમેદવાર કોઈ સંસ્થા એન.જી.ઓ. અથવા કોઈ વિશેષ સંગઠન સાથે જોડાયેલ હોય, તો તેની વિગત આપવી | : | |

હું .................................. સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરુ છું કે, મે લખેલ ઉપરોકત તમામ વિગતો મારી જાણકારી મુજબ સત્ય અને ખરી છે. વધુમાં, અમો બાંહેધરી આપીયે છીએ કે, જો અમોને અર્ધ–કાનુની સ્વયંસેવક તરીકે પસંદ કરવામાં આવશે તો, અમો અમારૂં કાર્ય સંપૂર્ણ નિષ્ઠા તથા વફાદારીથી નિભાવીશું અને તેમ કરવામાં પાછા પડીશું નહી.

**તા. / /૨૦૨૦** **(ઉમેદવારની સહી)**

**સ્થળઃ–**

**<u>પેરા લીગલ વોલન્ટીયર્સની નિમણુંક બાબતે અત્રેની કચેરી ધ્વારા આપવામાં આવેલ જાહેરાત બાબતે નિમણુંક અંગેની લાયકાત તથા ફોર્મ સાથે રજુ કરવાના દસ્તાવેજો બાબતેની વિગત તથા સુચનાઓ.</u>**

૧. ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ઓછામા ઓછી ધોરણ ૧૦ પાસ હોવી જરૂરી છે.

૨. ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવાર ધ્વારા ફોર્મ નો નમુનો અત્રેની કચેરીથી મેળવી નિયત નમુના મુજબ જ ફોર્મ ભરી **<u>તારીખ : ૦૧/૧૨/૨૦૨૦</u>** ના રોજ અથવા તે અગાઉ અત્રેની કચેરીને ચાલુ કામકાજનાં દિવસોમાં યોગ્ય રીતે વિગતો દર્શાવી જમા કરાવવાનું રહેશે. તે તારીખ પછી જમા કરાવેલ ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહી.

૩. પ્રત્યેક ઉમેદવારે ફોર્મ સાથે તેઓની શૈક્ષણિક લાયકાત અંગેના આધાર પુરાવા, જાતિ અંગેનું પ્રમાણપત્ર તથા તેઓના રહેઠાણનો પુરાવો તેમજ તેઓના વ્યવસાય અંગેના આધાર પુરાવો રજુ કરવાનો રહેશે.

૪. પ્રત્યેક ઉમેદવારે ફોર્મ માં તેઓના તાજેતરનો ફોટોગ્રાફ લગાવવાનો રહેશે.

૫. પ્રત્યેક ઉમેદવારે ફોર્મ સાથે તેઓને જો કોઈ સેવાકિય પ્રવૃત્તિ અંગેના અનુભવ હોય, તો તે વિગતવાર દર્શાવી, તે સબબ આધાર પુરાવા, જો હોય તો રજુ રાખવા.

૬. જો ઉમેદવારની પસંદગી કરી નિમણુંક આપવામાં આવે તો સદર હોદ્દા માટે કોઈ પગાર, વળતર કે મહેનતાણું ચુકવવામાં આવશે નહી પરંતુ કામગીરી મુજબ વખતો વખત જો કોઈ માનદ વેતન નકકી થાય તો તે ચુકવવામાં આવશે.

૭. જો ઉમેદવારની પસંદગી કરી નિમણુંક આપવામાં આવે તો ઉમેદવારે વખતો વખત અર્ધ–કાનુની સ્વયં સેવક તરીકેની કામગીરી માટે જે ફરજો નકકી કરવામાં આવે તે ફરજો બજાવવાની રહેશે અને જો તેમ કરવામાં ચુક કરશે તો તેઓની નિમણુંક કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના રદ કરવામાં આવશે. આમ પેરા લીગલ વોલન્ટીયર્સશ્રીની નિમણુક તથા તે નિમણુંક રદ કરવા સંબધિત સંપુર્ણ અધિકાર,અધ્યક્ષશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચનાઓની પાસે અબાધિત તથા સુરક્ષીત રહેશે.

૮. નિમણુંક પામેલ પેરા લીગલ વોલન્ટીયર્સને અત્રેની કચેરી 'આઈ કાર્ડ' આપશે. જેની જાળવણી કરવાની જવાબદારી જે–તે પેરા લીગલ વોલન્ટીયર્સશ્રીની રહેશે. જો કોઈ સંજોગોમાં સદર 'આઈ–કાર્ડ' ખોવાઈ જાય, તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં તથા અત્રેની કચેરીને કરવાની રહેશે. જેથી સદર 'આઈ–કાર્ડ' નો દુરુપયોગ અટકાવી શકાય.

**(જે.ઝેડ. મહેતા)**
સચિવ
જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,
ભરૂચ.

# Application form of Para Legal Volunteers

Passport Size Photo

1. Full Name :______________________________________________

   (Starting with Surname)

2. Date of Birth :______________________________________________

3. Qualification :______________________________________________

4. Gender : ☐ Male ☐ Female

5. Caste : ☐ SC ☐ ST ☐ OBC ☐ Other ☐ General

6. Blood Group :______________________________________________

7. Contact No. :______________________________________________

8. Correspondence Address:______________________________________________

9. Permanent Address :______________________________________________

10. Occupation / Student :______________________________________________

11. Nearest Famous Village :______________________________________________

12. Nearest Police Station :______________________________________________

13. If retired then from

    which post :______________________________________________

14. I wish to serve as a PLV for :

| | | |
|---|---|---|
| DLSA, Bharuch ☐ | TLSC, Bharuch ☐ | TLSC, Ankleshwar ☐ |
| TLSC, Jhagadia ☐ | TLSC, Valia ☐ | TLSC, Netrang ☐ |
| TLSC, Hansot ☐ | TLSC, Vagra ☐ | TLSC, Amod ☐ |
| TLSC, Jambusar ☐ | | |

16. Experience if any :________________________________________

I___________________________son/daughter/wife of _____________ am willing to do any work given to me as a Para Legal Volunteer at either District Level or Taluka Level or Village Level. I will fulfill my duties and if I fail to do so then, I will be disqualified by the District Legal Services Authority, Bharuch. Furthermore, I hereby, declare that I am fully aware with the fact that the work of PLV does not carry any salary, remuneration or wages except honorarium fixed by NALSA / GSLSA / DLSA from time to time.

I herby, declare upon oath by my religion that, no police / criminal / civil case has been instituted against me or is pending against me nor have I been convicted or proved guilty or declared as insolvent in any criminal case or civil suit, respectively. Moreover I also declare that I am not affiliated with any political party.

Date : ____/____/2020

_____________________

Signature